નમાઝની હકીકત

નમાઝમાં દિલ અને ઝુબાન તથા બીજા સઘળા અવયવો પણ એક ખાસ ક્રમ અને પ્રમાણ સહિત, અલ્લાહપાકની યાદ અને પ્રશંશાને જાહેર કરવામાં એકી અવાજે હિસ્સો લે છે. અને પોતપોતાના વર્તુળમાં પોતપોતાનો ફર્ઝ અદા કરે છે. દિલમાં અલ્લાહ તઆલાના આદર અને સર્વોચ્ચપણા તથા મહાનતાનું ધ્યાન હોય છે. પછી તે જ પ્રમાણે ઝબાન તેની પાકી અને મોટાઈ તથા વખાણમાં મશ્ગૂલ હોય છે, અને માથાથી પગો સુધી આખુ શરીર ઝિક્ર અને ઈબાદત તથા લાચારી, ત્યાગ, બલિદાન અને બંદાપણાંની તસ્વીર બનેલું હોય છે. કદી હાથ બાંધીને ઉભો હોય છે, કદી ઝૂકે છે અને કદી સિજદામાં પડીને પોતાની બંદગી તથા નિયાઝમંદીના અંતિમ દૃશ્યને જાહેર કરે છે.

નમાઝના મૂળ તત્વો ત્રણ છે : (૧) દિલ અલ્લાહ તઆલાની અપાર, અઝમત અને જલાલના ધ્યાનથી શરમિંદા હોય. (૨) અલ્લાહ તઆલાની અઝમત તથા બુઝુર્ગી અને પોતાની આજીઝી અને શરમિંદગીને બેહતરથી બેહતર શબ્દોમાં પોતાની જીભે અદા કરે. (૩) બાકીના સઘળા જાહેરી અવયવોને પણ અલ્લાહ તઆલાની અઝમત અને જલાલ તથા પોતાની આજીઝી અને બંદગીના સાક્ષીઓ તરીકે ઉપયોગ કરે.''

નમાઝ ગફલતનો ઈલાજ અને ગુનાહોથી બચવાનું સાધન છે.

નમાઝ રોઝે હિસાબને યાદ અપાવનાર પણ છે.

અલ્લાહની મુહબ્બત અને ઈતાઅતની ભાવનાઓ પૈદા કરવામાં નમાઝનો ખાસ ફાળો :

નમાઝમાં અલ્લાહ તઆલાની અઝમત અને મહાનતાનું વારંવાર વર્ણન

અને તેની તસ્બીહ, પ્રશંશા તથા સર્વોચ્ચતાને વારંવાર ઉચ્ચારવાનો જે ખાસ ક્રમ રાખવામાં આવ્યો છે, અને તે અનુસાર બાહ્ય અવયવોથી જે જે અમલ કરવામાં આવ્યો છે, જેમકે પ્રથમ ઉભા રહેવું, પછી ઝુકવું, પછી ઉભા થવું અને પછી જમીન ઉપર માથુ ટેકવવું અને પછી બેસવું અને ફરી માથુ ઝુકાવવું, તો એ અમલોને જે પ્રમાણે એક ખાસ પ્રગતિયુક્ત ક્રમમાં પરોવવામાં આવ્યા છે અને દરેક મોકા અને પરિસ્થિતિને યોગ્ય જે ખાસ ખાસ ઝિક્રો નક્કી કરવામાં આવ્યા છે, એ બધી એવી ચીઝો છે કે અગર અલ્લાહ તઆલા એ ચીઝોની કોઈને સહેજ પણ સમજ આપી દે, તો તે સમજી શકે છે કે, એ ઝિક્રો સાથે એ ખાસ ક્રમાનુસાર ઉભા થવું, ઝૂકી જવું, જમીન પર શીશ ઝૂકાવવું વગેરેમાં અલ્લાહપાકની મુહબ્બત અને શુક્ર તથા ઈતાઅત (માનવા)ની ભાવનાઓ પેદા કરવાનો તથા દિલ અને અંતરાત્માની વલણોને દુરૂસ્ત કરી ઝિંદગીની દિશાને સુધારણા અને તકવા તરફ પલ્ટાવી દેવાનો કેટલો સામાન મૌજૂદ છે.

પ્રત્યેક નમાઝની શરૂ (સના)માં તવહીદની ગવાહી આપીને અને અંત (તશહ્હુદ)માં તવહીદ અને રિસાલત બંનેની ગવાહી અદા કરીને ઈમાનને તાજુ કરવામાં આવે છે. દરેક રકઅતમાં ઓછામાં ઓછી સૂરએ ફાતિહા પઢીને (જે પૂરા કુર્આને હકીમનો ખુલાસો છે) કુર્આન મજીદ પર ઈમાનનું પુનરૂચ્ચારણ થાય છે, અને તેનાથી હિદાયત પ્રાપ્ત કરવામાં આવે છે. વારંવાર અલ્લાહ તઆલાની યાદ અને તેના વખાણ અને તસ્બીહ તથા તકદીસ દિલ અને ઝબાનથી કરવામાં આવે છે. તેમજ અવયવોથી પણ તેની મઅબૂદીયત અને પોતાની અબ્દીયત (બંદાપણાં)ની ગવાહી આપવામાં આવે છે. વળી, મુહબ્બત અને હક ઓળખવાની તથા એહસાન અને આભાર માનવાની ભાવનાને અનુસરી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર દુરૂદો સલામ મોકલવામાં આવે છે. અલ્લાહ તઆલાના સઘળા નેક બંદાઓને માટે ભલાઈની દુઆ કરવામાં આવે છે. પોતાના ગુનાહોની માફી માંગવામાં આવે છે અને કહર તથા અઝાબથી બચવાની તેમજ

રહમતની ગોદમાં સ્થાન પામવાની દુઆ અને માંગણી કરવામાં આવે છે. એ બધી જ ચીઝો નમાઝમાં શામેલ છે.

નમાઝની હકીકત સમજવાને માટે સૌથી સહેલો અને સહીહ તરીકો એ જ છે કે, આપ તેના તમામ હિસ્સા અને તત્વો પર વિચાર કરો. જો તમે એમ કરશો તો એ જ નતીજા પર આવશો કે, નમાઝની હકીકત ત્રણ તત્વોનું મિશ્રણ છે : (૧) અલ્લાહ તઆલાની અઝમત અને કિબ્રીયાઈની યાદ અને ધ્યાન. (૨) અમૂક એવી દુઆઓ અને એવા ઝિક્રો જેનાથી આ વાત પુરવાર થાય છે કે, બંદાની બંદગી અને તેનો અમલ ખાલિસ અલ્લાહપાકને માટે છે. અને તે પોતાનું ઋણ એકાગ્રતા સાથે અલ્લાહ તઆલાની જ તરફ કરી ચૂક્યો છે, અને પોતાની હાજતોમાં માત્ર અલ્લાહપાકથી જ મદદ માંગવા ચાહે છે, અને (૩) અમૂક તઅઝીમી કૃત્યો છે, જેવા કે કિયામ, રુકૂઅ, સિજદો વગેરે. એ પૈકી પ્રત્યેક બીજાની તકમીલ કરે છે.

પરંતુ એ બધાની રૂહ આ છે કે, નમાઝી પોતાને અલ્લાહ તઆલાનો ઝલીલ, લાચાર અને મોહતાજ બંદો સમજીને દરેક પ્રકારની અઝમત અને મોટાઈના માલિક તે મઅબૂદે બરહકની ઈન્તિહાઈ મુહબ્બત અને તઅઝીમની ભાવના સાથે તેના દરબારમાં હાજર થઈને પોતાની બંદગી અને નિયાઝમંદીને જાહેર કરે.

સૌથી પહેલાં અલ્લાહ તઆલાની બેઈન્તિહા અઝમત અને મોટાઈનો તસવ્વુર કરી તેમજ પોતાની ઝિલ્લત અને લાચારી તથા અલ્લાહ તઆલા સિવાય તમામ ચીઝોની બેહકીકી (ફાની હોવા)ને નજર સામે રાખી પૂરા ખુશૂઅ અને ખુઝૂઅની સાથે દિલ અને ઝબાનથી કહે **'અલ્લાહુ અકબર'** (અલ્લાહ બહુ જ મોટો છે, દરેક પ્રકારની મોટાઈ અને શ્રેષ્ઠતા તેના જ માટે છે) એ 'તકબીરે તહરીમહ' કહેતી વખતે અલ્લાહ તઆલાના પ્રભાવ અને મહાનતાનું વધારેમાં વધારે ધ્યાન અને દિલમાં વધારેમાં વધારે આજીઝી અને ઝિલ્લતની કેફિયત હોવી જોઈએ. કેટલાક આરિફો (અલ્લાહ-વાળાઓ)એ લખ્યું છે કે, પૂરી નમાઝની ટૂંકી હકીકત 'અલ્લાહુ અકબર'

(અલ્લાહપાકની જ મહાનતા અને માનવી તથા સમગ્ર સૃષ્ટિનું તેના તાબે તથા મોહતાજ હોવા)માં સમાએલી છે, અને પૂરી નમાઝ એ જ 'અલ્લાહુ અકબર'ના અર્થનું સવિગત અને અમલી સ્વરૂપ છે.

નમાઝમાં એ ખાસ તાસીર (અસર અને ગુણ) છે કે, જો તેને યોગ્ય રીતે અદા કરવામાં આવે અને અલ્લાહપાકને હાઝિર-નાઝિર સમજીને ધ્યાન-પૂર્વક આજીઝી અને નમ્રતા સાથે પઢવામાં આવે તો તેનાથી માણસનું દિલ પાક-સાફ થઈને તેની ઝિંદગી સુધરી જાય છે, અને બુરાઈઓ તેનાથી છૂટી જાય છે, તેમજ નેકી તથા સચ્ચાઈની મુહબ્બત, ખુદાપાકનો ખૌફ તેના દિલમાં પેદા થાય છે. એટલા જ માટે રસૂલુલ્લાહ (સલ.)નો દસ્તુર (નિયમ) હતો કે જ્યારે કોઈ માણસ આપની પાસે આવી ઈસ્લામ સ્વીકારતો, ત્યારે આપ (સલ.) તૌહીદની તઅલીમ આપ્યા પછી પ્રથમ તેનાથી નમાઝનો જ કરાર લેતા હતા. મતલબ કે કલિમહ પછી નમાઝ જ ઈસ્લામની જડ (બુન્યાદ) છે.

ઈસ્લામ સ્વીકારનું કારણ : કુલીઓની નમાઝ

એક હિંદુ ભાઈ પોતાના પ્રત્યક દર્શક હોવા સાથે નમાઝ બાબતે એક બનાવનું વર્ણન કરતાં જણાવે છે કે, હું એક વર્ષ પહેલાં અહમદાબાદ મેલથી દિલ્હી પાછો આવ્યો. ટ્રેન કેટલાક કલાક મોડી હતી. મેં જોયું કે, સ્ટેશન પર ઘણા બધા કુલીઓ એક તરફ જઈ રહ્યા છે. મને મજૂરોના અધિકારોથી હંમેશ હમદર્દી રહી છે. મને વિચાર આવ્યો કે, કદાચ કોઈ હડતાળ પડી રહી છે. કદાચ હું તેમની કંઈક સહાય કરી શકું. મેં જોયું કે, તેઓ એક જગ્યાએથી ખાલી લોટાઓ ઉઠાવીને ચાલ્યા. પાણી ભરીને તેઓ હાથ-મોઢું ધોવા લાગ્યા. બપોરે બે વાગે હાથ-મોઢું ધોવાની શી જરૂર ઉભી થઈ ? હું વિચારતો રહ્યો. મેં જોયું કે, બધા કુલીઓ બહુ શિસ્તબધ્ધ રીતે હાથ-પગ ધોઈ રહ્યા છે, અને બરાબર ઘસી ઘસીને આંગળીઓના વચ્ચેનો ભાગ પણ સાફ કરી રહ્યા છે. હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એટલામાં તેમણે એક નક્કી કરી રાખેલી જગ્યાએ જાજમો પાથરી. એક નાની જાજમ આગળ બિછાવી અને એક કુલી આગળ ઉભો થઈ ગયો. અને બીજા

કુલીઓ લાઈનોમાં બહુ શિસ્તબધ્ધ રીતે ઉભા થઈ ગયા. અને તેમણે બહુ ઝીણવટપૂર્વક પોતાની લાઈનો સીધી કરી. આગળવાળા કુલીએ "અલ્લાહુ અકબર" કહ્યું અને હાથ બાંધી લીધા. બધા લોકોએ સાથોસાથ હાથ બાંધી લીધા. તેણે થોડીકવાર પછી ફરી અલ્લાહુ અકબર કહ્યું અને નમી ગયો. તરત બધા કુલીઓ પણ નમી પડ્યા. પછી ઉભા થયા અને અત્યંત કેળવાયેલા સૈનિકોની જેમ થોડીકવાર સુધી ઉભા થતા રહ્યા અને નમતા રહ્યા. અને જમીન પર સિજદો કરતા રહ્યા. હું આ શિસ્ત જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. પૂછયું તો જાણવા મળ્યું કે, આ લોકો જમાઅતથી (સમૂહમાં) નમાઝ પઢી રહ્યા છે. અને દરેક મુસલમાને પાંચ વખત આવી જ રીતે નમાઝ પઢવી જરૂરી છે. હું બહુ પ્રભાવિત થયો. મારા મનમાં આવ્યું કે, બોજ ઉઠાવનારા અજ્ઞાની વર્ગમાં આ શિસ્ત જે ધર્મે ઉત્પન્ન કરી, મારે એનો અભ્યાસ કરવો જોઈએ. હું ઉર્દૂ બજાર ગયો અને અંગ્રેજી તથા હિંદીમાં ઈસ્લામ સબંધી જે પુસ્તકો મને મળ્યા, તે લઈ આવ્યો અને વાંચવાનું શરૂ કર્યું. આ પુસ્તકોના વાંચન પછી હું ઈસ્લામથી ઘણો પ્રભાવિત થયો. ઈસ્લામને સમજવા માટે કુઆન વાંચવાની મને ઈચ્છા થઈ. કુરૂઆન શરીફે મારા દિલ-દિમાગના દ્વાર ખોલી દીધા.

ઈસ્લામના દરેક આદેશ તથા તેની દરેક વાતમાં માનવીય પ્રકૃતિ માટે કેટલું આકર્ષણ છે. ઈસ્લામ વિરૂદ્ધ સમગ્ર વિશ્વની જૂઠી સત્તાઓ દ્વારા વ્યવસ્થિત ઝેર ઓકવા છતાં પણ ઈસ્લામ લોકો માટે અનહદ આકર્ષણથી ભરપૂર છે. આપણે ગફલત તથા નગુણાપણાંના કારણે ખુદ તો કુરૂઆની મુસલમાન નથી બની શકતા, પરંતુ ઓછામાં ઓછું કુરૂઆની ઈસ્લામનો લોકોને સાચો પરિચય જ કરાવી શકીએ તો ચોક્કસ જ સમજદાર વિદ્વાનોએ તેને સ્વીકારવા મજબૂર થવું પડશે.

સામૂહિક નમાઝનું મહત્વ :

નમાઝો બે પ્રકારની છે. એક સામૂહિક (જમાઅત સાથે) અને બીજી એકલી પઢવી. તહજ્જુદ (રાત્રિની નમાઝ) સુન્નતો અને નફલો એકલા અને

ઘરે પઢવી વધારે સવાબ (પૂણ્ય)નું કામ છે અને ફર્ઝ નમાઝ જમાઅત સાથે પઢવાનો આદેશ છે.

હદીષમાં આવ્યું છે કે, જમાઅત સાથે નમાઝ પઢવાનો સવાબ એકલા પઢવા કરતાં સત્તાવીસ ગણો વધુ મળે છે. *(બુખારી, મુસ્લિમ)*

પાબંદી સાથે જમાઅતથી નમાઝ પઢવામાં આખિરતના સવાબ ઉપરાંત એમાં બીજા ઘણા મહાન લાભો સમાયેલા છે.

- જમાઅતની પાબંદીથી માણસમાં વખતની પાબંદીની લાયકાત પેદા થાય છે.
- રાત-દિવસમાં પાંચ વખત મહોલ્લાના સર્વે મુસ્લિમ ભાઈઓ એક જગ્યાએ ભેગા થાય છે, જેનાથી ઘણા લાભો પ્રાપ્ત થઈ શકે છે. જેમકે દીની-દુન્યવી ભાઈચારો વધવો, લડાઈ-ઝઘડો દૂર થવો, એકબીજાના દુઃખ-દર્દમાં સહભાગી થવું, એક સાથે બધા જ લોકોની પોતાના પાક પરવરદિગાર સમક્ષ દુઆઓ અને હાજતો માંગવી, એક મહાન સર્જનહારનો ડર પેદા થવો તથા હોંશે હોંશે નમાઝ અને દુઆમાં શરીક થઈ જવાય છે. નમાઝની પાબંદીની આદત પડે છે. અને ઈબાદતો તથા અલ્લાહપાકથી મુહબ્બતમાં એકબીજાથી આગળ વધવાનો હોંસલો પેદા થાય છે. બધાને જોઈને પોતાની નમાઝ સહીહ થાય છે.
- જમાઅતની પાબંદીથી નમાઝની પુરી પાબંદી નસીબ થાય છે. જે લોકો જમાઅતની પાબંદી નથી કરતા, તો ઘણી વખત જોવામાં આવે છે કે, તેઓની નમાઝો વધુ કઝા થવા પામે છે.
- જમાઅતની સાથે નમાઝ પઢનાર દરેક માણસનો સૌથી મોટો લાભ એ છે કે, તે સંપૂર્ણ જમાઅતની નમાઝનો એક ભાગ બની જાય છે. જેમાં અલ્લાહપાકના એવા નેક-સાલેહ બંદા પણ હોય છે, જેઓની નમાઝ બહુ નમનતા અને આજિઝીવાળી હોય છે કે જેને અલ્લાહપાક કબૂલ ફરમાવે છે. અને અલ્લાહપાકની શાને કરીમીથી એ જ આશા છે કે, જ્યારે તે જમાઅતના અમુક (પરહેઝગાર) લોકોની નમાઝ

કબૂલ ફરમાવશે, તો તેઓની સાથે નમાઝ પઢનારા બીજા (સામાન્ય) લોકોની નમાઝ પણ કબૂલ કરી લેશે. ચાહે તેઓની નમાઝ એવા દરજ્જાની ન હોય. તેનાથી બરકતો અને રહમતોમાં બધા જ ભાગીદાર થઈ જાય છે.

નમાઝમાં શક્તિ પ્રદર્શન કે સામ્રાજ્યવાદી વિચારસરણીનો દૂર દૂર સુધી કોઈ અણસાર કે એહસાસ પેદા થતો નથી, બલ્કે પોતાને મહાન સર્જનહારની સમક્ષ એક કમઝોર બંદા અને દાસ સ્વરૂપે રજૂ કરવાનો છે. એટલા જ માટે અદબ વાળીને ઉભા રહેવું, ઝુકવું, શીશ નમાવવું, અદબ સાથે બેસવું અને સમગ્ર નમાઝ દરમ્યાન પઢવામાં આવતા શબ્દો પણ પોતાના બંદા અને દાસ હોવાના ભાસ સાથે જ ઉચ્ચારવામાં આવે છે.

મુસલમાન માટે નમાઝના ટાઈમ વખતે મસ્જિદમાં જમાઅત સાથે નમાઝ પઢવાનો હુકમ છે. પરંતુ જો મસ્જિદમાં જવાનો મોકો ન હોય અથવા મસ્જિદ ન હોય તો કોઈ પણ પાક જગ્યાએ ચાદર બિછાવી વ્યક્તિગત અથવા સામૂહિક રીતે પઢી શકે છે. અને શુક્રવારના વધારે ભીડ થાય છે, તો જો મસ્જિદ સિવાય કોઈ જગ્યાએ પરવાનગી મળે તો ત્યાં પણ પઢી શકે છે. શર્ત એ છે કે, કોઈને અડચણરૂપ ન હોય. ભારતમાં આજે પણ હિંદુ-મુસ્લિમ ભાઈચારો બાકી છે. હિંદુ ભાઈઓ પોતાની પ્રાયવેટ જગ્યાઓ તથા ટ્રેનોમાં પોતાની ખુશીથી નમાઝ પઢવા માટે પરવાનગી આપે છે. માટે મુસ્લિમોએ કોઈને અડચણરૂપ ન થાય તેનો ખ્યાલ રાખવો જરૂરી છે.

આખા વિશ્વની બધી જ મસ્જિદોમાં દરરોજ પાંચ ટાઈમ અને શુક્રવારના રોજ પણ બધા જ મુસ્લિમો ભેગા થાય છે. ત્યાં કોઈ મુસ્લિમ કે ગેરમુસ્લિમ વચ્ચે કોઈ પણ પ્રકારનો ઝઘડો કે ફસાદ થતો નથી. જવલ્લે બનતા કિસ્સા-ઓને બહાનું બનાવવામાં આવે છે. મેચમાં કોઈ ખેલાડીની નમાઝ પઢવી એ પોતાના ફર્ઝને ચૂકવવા પ્રત્યેની ધગશ અને લાગણી હોય છે. નમાઝમાં સંપૂર્ણ ત્યાગ અને બલિદાનની જ ભાવના પેદા કરી પોતાને એક અલ્લાહ તઆલાની પ્રશંશા અને મહાનતાના ગુણ ગાવામાં આવે છે. ‘‘અલ્લાહુ

અકબર''નો અર્થ જ પાક પાલનહારની મહાનતા દર્શાવવા સાથે (સુબ્હાન રબ્બિયલ અઝીમ અને અઅ્લા પઢી) પોતાની કમજોરી, અસમર્થતા અને ખામીયુક્ત હોવાનો એકરાર કરવામાં આવે છે. ત્યાં શક્તિ પ્રદર્શનનો ડગલે ને પગલે વિરોધ કરવામાં આવે છે.

એ જ પ્રમાણે બાદશાહોના કોઈ પ્રદેશની ફતહ વખતે પઢવામાં આવતી શુક્રિયહની નમાઝમાં પણ આજ હેતુ દર્શાવવામાં આવે છે કે, હમો ઘણા અસમર્થ છીએ. એક અલ્લાહપાકની ઝાત જ સર્વશક્તિમાન છે. આ ફતહ (જીત) અમારી જીત નથી, બલ્કે આપનો આભાર છે કે, આપે અમોને ફતહ આપી. એટલા જ માટે એને શુક્રિયહ (આભાર)ની નમાઝ કહેવામાં આવે છે. અને નમાઝમાં અલ્લાહુ અકબરનો વારંવાર ઉચ્ચાર અલ્લાહ તઆલાની સર્વોપરિતા અને મહાનતા બતાવવા સાથે પોતાની આજીઝી, લાચારી અને અસમર્થતા દાખવવા માટે જ હોય છે. તથા સુબ્હાનલ્લાહનો વારંવાર ઉચ્ચાર પણ એટલા જ માટે છે કે, મહાન સર્જનહારની નઝદીકી અને સબંધ નમાઝ પઢનારને ઘમંડ અને ગુરૂરમાં ન નાંખી દે. તેને પોતાની કમઝોરી અને લાચારીનો એહસાસ બાકી રહે.

માનવ પ્રકૃતિમાં અલ્લાહપાકે બંદગીનો એહસાસ પેદા કર્યો છે.

અમેરિકાના ખેલાડી કાર્લલ્યુવિસે (Carl Lewis) લોસ એન્જલિસમાં દોડવાની હરીફાઈમાં પ્રથમ નંબરે આવતા જે પાટા ઉપર દોડ લગાવી હતી, તેનો આભાર વ્યકત કરતા તેના ઉપર મસ્તક મૂકી શ્રધ્ધા દર્શાવી. બીજી તસ્વીર John Membrinoની છે, જેમાં તે હારી ગયો. તેની પોતાની વિશ્વ ચેમ્પિયનશીપ જતી રહી, તો હાર કબૂલ કરી પોતાના વિવશતારૂપે ધરતી ઉપર મસ્તક તે જ પ્રમાણે મૂકયું, જેમ મુસ્લિમો સજદામાં પોતાના અલ્લાહ તઆલા સમક્ષ આભાર અને વિવશતા દર્શાવતા પોતાનું મસ્તક ધરે છે. જ્યારે તેને ગાયબ ખુદાની ઓળખ નથી મળી શકતી, તો તે કોઈને પણ પોતાના ખુદાનું સ્થાન આપી પોતાના નેચરને આત્મસંતોષ આપવાની વ્યર્થ કોશીષ કરે છે. જેમ કે એક સંતાન વગરની માતા પ્લાસ્ટીકની

ઢીંગલીને બાળક સમજી પ્યાર કરવાનો નિરર્થક પ્રયાસ કરે છે.

કેલીફોર્નિયાની સ્ત્રી ખેલાડી (Florence Griffith Joyner)ને ૨૦૦ મીટરની દોડ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મળ્યો. તે વિશ્વની (Fastest Woman) બની, તે જ વખતે તે પોતાના ખેલના કપડામાં જ જમીન ઉપર પડી ગઈ, અને નમાઝીની જેમ બેસી દુઆની જેમ પોતાના હાથ ઉઠાવી અલ્લાહપાક સામે પોતાની ભાવના વ્યકત કરવામાં વ્યસ્ત થઈ ગઈ.

નમાઝમાં એકાગ્રતા (ખુશુઅ અને ખુઝૂઅ)નું મહત્વ :

ખુશુઅ અને ખુઝુઅ સાથે નમાઝ પઢવાનો મતલબ એ છે કે, અલ્લાહ તઆલાને હાઝિર-નાઝિર સમજી એવી રીતે નમાઝ પઢવામાં આવે કે, દિલ તેની મુહબ્બતથી ભરપૂર હોય તેમજ તેનો ખૌફ તથા તેની મોટાઈના ખ્યાલથી ડુબેલું હોય. જેવી રીતે એક મુજરિમ (અપરાધી) કોઈ મોટા હાકિમ અને બાદશાહની સામે ઉભો રહે છે. ઉભા રહેવાની સ્થિતિમાં વિચાર કરે કે, હું મારા રબ અલ્લાહપાકની સામે હાજર છું. અને તેની તઅઝીમ (સન્માન) માટે ઉભો છું અને તે મને જોઈ રહ્યો છે. તે દરેક રકઅતમાં પ્રથમ આયતો (શ્લોક) પઢે છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે :

સર્વ વખાણ અલ્લાહપાકને જ માટે છે, જે દરેક (જુદા જુદા) જગતનો પરવરદિગાર છે. (૧) જે ઘણો કૃપાળુ (અને) મહા દયાળુ છે. (૨) જે બદલાના દિવસ (કિયામત)નો માલિક છે. (૩) (હે અલ્લાહપાક !) અમે તારી જ બંદગી કરીએ છીએ અને (દરેક કાર્યમાં) તારાથી જ મદદ ચાહીએ છીએ. (૪) તું અમને સીધા માર્ગે ચલાવ. (૫) તે લોકોના માર્ગ પર, જેઓ પર તું કૃપાવંત થયો. (૬) તેઓના માર્ગે નહિ, જેમના પર તું ગુસ્સે થયો અને ન તેમના માર્ગે જેઓ અવળા માર્ગે ગયા. (૭)

‘અલ્હમ્દુ’થી અલ્લાહપાકની નેઅમતો યાદ કરવામાં આવે. ‘ઈય્યાક-નઅ્બુદુ’થી તૌહીદ અને ઈખ્લાસની તાલીમ છે કે, અલ્લાહ તઆલા સિવાય કોઈની ઈબાદત નહીં કરીએ અને ‘ઈય્યાક નસ્તઈન’થી અલ્લાહ તઆલા સિવાય કોઈથી પણ મદદ માંગવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. ‘ઈહ્દિ-

નસ્સિરાત'થી રાહે હક્કમાં અડગતા તથા નેક લોકોની સોહબતની દુઆ અને 'ગયરિલ્મગ્દૂબિ'થી બૂરા લોકોની સોહબત-દોસ્તીથી પનાહ માંગવાનું શિખવાડવામાં આવે છે. 'અર-રહ્માનિર્રહીમ'થી અલ્લાહપાકની દયા ભાવના-રહમતની સિફતોનું બંદાઓ માટે ખાસ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે. 'માલિકી યવમિદ્દીન'થી આખિરતની તૈયારી કરવાની પ્રેરણા મળે છે. સૂરએ ફાતિહા દરેક વ્યક્તિ નમાઝમાં પોતે પઢે છે, પરંતુ તેમાં અરબીના બહુવચનના શબ્દો જ પઢશે, એકવચનથી પઢવું જાઈઝ નથી. આ શબ્દોથી ઈશારો કરવામાં આવ્યો કે, આ દુઆ તથા અકીદામાં તું એકલો નથી, પૂરી ઉમ્મત તારી સાથે દુઆમાં શરીક છે. અને જ્યારે બધાના શરીક હોવાના ખ્યાલ સાથે ઈબાદત કરવામાં આવે છે, તો તેની લઝ્ઝત ઔર જ હોય છે.

સૂરએ ફાતિહા અલ્લાહપાકે પોતે અને પોતાના બંદા વચ્ચે વહેંચેલી છે. બન્નેવના શબ્દો પણ અડધા-અડધા વહેંચાયેલા છે. ઓછા-વત્તા નથી. હદીષે કુદસીમાં ફરમાવ્યું કે, ''જ્યારે મારો બંદો 'અલ્હમ્દુ' પઢે છે, તો અલ્લાહપાક ફરમાવે છે કે, મારા બંદાએ મારા વખાણ કર્યા. પછી જ્યારે 'અર-રહમાન' પઢે છે, તો અલ્લાહપાક ફરમાવે છે કે, મારા બંદાએ મારી તઅરીફ-પ્રશંશા અને રહેમનું વર્ણન કર્યું. પછી જ્યારે 'માલિકી' પઢે છે, તો અલ્લાહપાક ફરમાવે છે કે, મારા બંદાએ મારી તાકાતનું વર્ણન કરી મારી મોટાઈ અને બુઝુર્ગી યાદ કરી. પછી જ્યારે બંદો 'ઈય્યાક'થી છેવટ સુધી પઢે છે, તો અલ્લાહપાક ફરમાવે છે કે, આ મારા અને મારા બંદા વચ્ચે છે. અને મારા બંદાએ જે માંગ્યું તે તેને મળશે.

તેવી જ રીતે જ્યારે રુકૂઅ કરે તો એવો વિચાર કરે કે, હું તેની જ આગળ ઝૂકી રહ્યો છું. એવી જ રીતે સિજદો કરતી વેળા એવો વિચાર કરે કે, હું તેની હુઝૂરમાં સિજદો કરી રહ્યો છું. અને તેની આગળ પોતાની હલકાઈ અને લાચારી જાહેર કરી રહ્યો છું. વળી, સૌથી સારી વાત તો આ છે કે, ઉભા રહેવાની હાલતમાં તથા રુકૂઅમાં કે સિજદામાં જે કંઈ પઢવામાં આવે તેને સમજી-વિચારીને પઢે. નમાઝની ખરેખરી મજા (લુત્ફ) ત્યારે જ આવે છે, જ્યારે કે જે કાંઈ તેમાં પઢવામાં આવે તેના અર્થ અને મતલબ

સમજીને પઢવામાં આવે.

જ્યારે કુર્આન શરીફ પઢી ચૂકો, તો અલ્લાહ તઆલાની શાનની મોટાઈ અને પ્રતાપનું ધ્યાન ધરતાં દિલ અને જીભ વડે **"અલ્લાહુ અકબર"** કહેતાં રુકૂઅમાં ચાલ્યા જાવ અને **"સુબ્હાન રબ્બિયલ અઝીમ"** (અર્થ : પાક છે મારો પરવરદિગાર, જે મોટી શાનવાળો છે.) ત્રણ વાર, પાંચ વાર અથવા સાત વાર પઢે.

રુકૂઅમાં જ્યારે અલ્લાહ તઆલાની પવિત્રતા અને મોટાઈના આ શબ્દો મોઢે બોલે ત્યારે પણ દિલમાં તેની પવિત્રતા તથા મોટાઈનું પુરેપુરૂં ધ્યાન હોવું જોઈએ. તે પછી રુકૂઅથી માથુ ઉંચકે અને **"સમીઅલ્લાહુલિમન્ હમિદહ"** (અર્થ : અલ્લાહ તઆલાએ તે બંદાની સાંભળી (કબૂલ કરી) જેણે તેની તારીફ કરી.) કહેતાં સીધા ઉભા થઈ જાઓ અને હાથોને પોતાની હાલત પર છોડી દો. તેના પછી **"રબ્બના લકલ્ હમ્દ"** (અર્થ : હે અમારા પાલનહાર ! સર્વે તારીફ તારા માટે જ છે.) કહે.

રુકૂઅ કર્યા પછી ઉભા રહેવાનું નામ કવ્મહ છે. ત્યાર બાદ ફરી દિલ અને જીભ વડે **"અલ્લાહુ અકબર"** કહે અને પોતાના આકા અને પાલનહારની આગળ સિજદહમાં પડી જાય. અને અલ્લાહપાકનું પુરૂં ધ્યાન ધરીને તેમજ તેને પોતાની સામે હાજિર સમજીને તેને સંબોધન કરીને જીભથી તેમજ દિલોજાનથી કહે **"સુબ્હાન રબ્બિયલ અઅલા"** (અર્થ : પાક છે મારો પરવરદિગાર, જે બહુ ઉંચી શાનવાળો છે) ત્રણ વાર, પાંચ વાર અથવા સાત વાર કહે.

સિજદહની હાલતમાં જ્યારે આ કલિમહ ઝબાન પર હોય ત્યારે દિલમાં પોતાની પરાધિનતા, લાચારી તથા હલકાઈનો અને અલ્લાહપાકની પવિત્રતા તથા અતિ ઉચ્ચતર હોવાનું સંપૂર્ણ ધ્યાન હોવું જોઈએ. આ ધ્યાન પ્રમાણમાં જેટલું વધારે અને જેટલું ઉંડુ હશે, તેટલી જ નમાઝ સારી અને વધુ કિંમતી થશે. કારણ કે એ જ નમાઝની રૂહ છે.

અર્થ : અદબ અને તઅઝીમના સઘળા શબ્દો અલ્લાહપાકને માટે જ

છે. અને સઘળી ઈબાદતો તથા સદકાઓ (ખયરાતો) અલ્લાહપાકને માટે જ છે. હે નબી ! તમારા ઉપર સલામ અને અલ્લાહપાકની રહમત તથા તેની બરકતો થાઓ. અમારા ઉપર તેમજ અલ્લાહના નેક બંદાઓ ઉપર સલામ થાઓ. હું સાક્ષી આપું છું કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ બંદગીને લાયક નથી, તેમજ સાક્ષી આપું છું કે, મુહમ્મદ (સલ.) અલ્લાહપાકના બંદા અને તેના રસૂલ છે.

અર્થ : અય અલ્લાહ ! તુ હઝરત મુહમ્મદ (સલ.) પર તથા મુહમ્મદ (સલ.)ની આલ ઉપર ખાસ રહમત મોકલ, જેવી કે તેં ખાસ રહમત ઈબ્રાહીમ (અલૈ.) પર તથા ઈબ્રાહીમ (અલૈ.)ની આલ પર મોકલી છે. સાચે જ તુ મહાન તારીફને લાયક તથા બુઝુર્ગીવાળો છે. અય અલ્લાહ ! તુ હઝરત મુહમ્મદ (સલ.)ની તથા તેમની આલ પર બરકતો ઉતાર, જેવી કે તેં ઈબ્રાહીમ (અલૈ.) પર તથા ઈબ્રાહીમ (અલૈ.)ની આલ પર બરકતો નાઝિલ કરી. બેશક, તુ અતિ વખાણને પાત્ર બુઝુર્ગીવાળો છે.

દુરૂદ શરીફ પઢી લીધા બાદ પોતાના માટે આ દુઆ માંગીએ અને ત્યાર બાદ સલામ ફેરવીએ છીએ. દુઆનો ભાવાર્થ આ પ્રમાણે છે :

“હે અલ્લાહપાક ! મેં મારી જાન પર ઘણો જ ઝુલ્મ કર્યો છે (અને તારી આજ્ઞાપાલન તથા ઈબાદતમાં મારાથી ભારે કસૂર થયો છે) અને તારા સિવાય કોઈ પણ ગુનાહોને બક્ષનાર નથી, તો તું મને માત્ર પોતાના ફઝલથી બક્ષી દે અને મારા પર રહમ કર. બેશક, તું જ બક્ષનાર, ઘણો રહમકર્તા છે.”

આ દુઆમાં પોતાના કસૂરો તથા ગુનાહોનો એકરાર છે. અને અલ્લાહ તઆલાની બક્ષિસ અને દયાની યાચના છે. ખરેખર, બંદાઓ માટે લાયક એ જ છે કે, તે નમાઝ જેવી ઈબાદત કરવા પછી પણ પોતાના કસૂરોનો એકરાર કરે અને પોતાને દોષિત તથા ગુનેહગાર સમજે અને અલ્લાહપાકની બક્ષિસ તેમજ તેની રહમતને પોતાનો આશ્રય સમજે અને ઈબાદતના કારણે તેમાં કંઈ ગર્વ ઉત્પન્ન થવા પામે નહીં. કારણ કે અલ્લાહપાકની ઈબાદતનો હક આપણાથી કોઈ પણ રીતે અદા થઈ શકતો નથી.